Title-Code:-GUJGUJ18109
www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર
Mo- 9016924808
સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 31,(SURAT), DATE-21/01/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૩૧, (સુરત), તા.૨૧/૦૧/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 વાલોડમાં મરેલા કૂતરાના નામે રૂ.૧.૩૧ લાખનું કૌભાંડ, મજૂરો તપાસ સમિતિ સામે પડ્યા

3 રાજ્યપાલ વાવ-થરાદમાં, તો હર્ષ સંઘવી અમદાવાદમાં તિરંગો ફરકાવશ

4 નગરપાલિકા દ્વારા દબાણ કરાયા દૂર:બારડોલીમાં લારી-ગલ્લાના દબાણ હટતા માર્ગો ખુલ્લા થયા

## ૧૨૦૦૦ ફૂટની ઊંચાઈએ જૈશનું 'બંકર' ઉડાવી દીધું, આતંકીઓ વિરુદ્ધ ભારતીય સૈન્યની મોટી કાર્યવાહી

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડના દુર્ગમ અને બરફાચ્છાદિત પહાડોમાં સુરક્ષા દળોએ જૈશ-એ-મોહમ્મદના આતંકીઓના એક અત્યંત મજબૂત અને ગુપ્ત 'કારગિલ-સ્ટાઈલ' ફોર્ટિફાઇડ બંકરને શોધી કાઢીને ધ્વસ્ત કરી દીધું છે. સમુદ્ર સપાટીથી ૧૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ બનેલા આ ઠેકાણામાં જૈશનો પાકિસ્તાની કમાન્ડર સૈફુલ્લાહ અને તેનો સાથી આદિલ મહિનાઓથી છુપાયેલા હતા.

જયારે સુરક્ષા દળોએ આ ગુપ્ત બંકરની અંદર પ્રવેશ કર્યો, ત્યારે ત્યાંની સુવિધાઓ અને લોજિસ્ટિક્સ જોઈને તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. આતંકીઓએ અહીં લાંબો સમય સુધી બહારની દુનિયાથી સંપર્ક કાપીને પણ જીવિત રહી શકાય તેવી તમામ તૈયારીઓ કરી રાખી હતી. તપાસ દરમિયાન બંકરમાંથી ૫૦ મેગીના પેકેટ, ૨૦ કિલો ઉચ્ચ ગુણવત્તાવાળા બાસમતી ચોખા, ટામેટા-બટાકા જેવી તાજી શાકભાજી અને ૧૫ જેટલા વિવિધ મસાલા મળી આવ્યા હતા, જે તેમની લાંબા ગાળાની યોજનાનો પુરાવો આપે છે.



રસોઈ માટે ગેસ સિલિન્ડર અને સૂકા લાકડાનો મોટો જથ્થો પણ ત્યાં હાજર હતો. મોટા પથ્થરોની અત્યંત મજબૂત દીવાલોથી બનેલું આ 'મિની-કિલ્લા' જેવું બંકર એવી રીતે તૈયાર કરવામાં આવ્યું હતું કે તેમાં પ્રવેશવા અને બહાર નીકળવા માટે અનેક ગુપ્ત રસ્તાઓ હતા, જેના કારણે તે સુરક્ષા દળો માટે એક મોટો પડકાર બની ગયું હતું.

રવિવારે બપોરે જયારે સુરક્ષા દળોએ આ ઠેકાણાને ઘેરી લીધું, ત્યારે આતંકીઓએ અચાનક ગ્રેનેડ ફેંકીને હુમલો કર્યો હતો. આ અથડામણમાં સાત જવાન ઘાયલ થયા હતા, જેમાંથી હવાલદાર ગજેન્દ્ર સિંહે ગંભીર ઈજાઓને કારણે દમ તોડ્યો હતો અને શહીદ થયા હતા. આ હુમલા બાદ અંધારાનો લાભ લઈને સૈફુલ્લાહ અને આદિલ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા.

આટલી ઊંચાઈ અને દુર્ગમ વિસ્તારમાં આટલા મોટા પાયે રાશન અને ઈંધણ પહોંચાડવું સ્થાનિક મદદ વગર અશક્ય છે. તપાસ એજન્સીઓને આશંકા છે કે આતંકીઓને સ્થાનિક લોકો તરફથી લોજિસ્ટિક સપોર્ટ મળી રહ્યો હતો. હાલમાં ચાર શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પૂછપરછ ચાલી રહી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની કમાન્ડર સૈફુલ્લાહ છેલ્લા એક વર્ષથી આ વિસ્તારમાં સક્રિય હતો. બંકરની બનાવટ એટલી ચાલાકીભરી હતી કે ઉપરથી જોતા કોઈને અંદાજ પણ ન આવે કે નીચે રહેવા માટે આટલી મોટી જગ્યા છે. સુરક્ષા એજન્સીઓ હવે આ વિસ્તારના સમગ્ર ઓવરગ્રાઉન્ડ નેટવર્કને ખતમ કરવા માટે મોટું ઓપરેશન ચલાવી રહી છે જેથી ભવિષ્યમાં આવા ઠેકાણા ફરી તૈયાર ન થઈ શકે.

## મતદાર યાદી સુધારણાની મુદત 30 જાન્યુઆરી સુધી વધારાઈ:દાવા- વાંધા રજૂ કરવા મતદારોનો સમય મળ્યો



૧ જાન્યુઆરી ૨૦૨૬ ની લાયકાતની તારીખના આધારે ગુજરાતમાં હાથ ધરવામાં આવેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન - SIR) પ્રક્રિયા અંતર્ગત ભારતના ચૂંટણી પંચે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ચૂંટણી પંચે મતદાર યાદી સંબંધિત દાવા અને વાંધાઓ રજૂ કરવાની સમયમર્યાદા વધારીને હવે 30 જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરી છે.

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર રાજયભરમાં ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી જઈછ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. આ ઝુંબેશના ગણતરી તબક્કાની અસરકારક કામગીરી પૂર્ણ થયા બાદ ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ મુસદ્દા યાદી સામે દાવા અને વાંધાઓ રજૂ કરવા માટે અગાઉ ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ ને આખરી તારીખ તરીકે નક્કી કરવામાં આવી હતી.

પરંતુ હવે ચૂંટણી પંચે સત્તાવાર સૂચના જાહેર કરીને આ સમયમર્યાદા વધારી દીધી છે. તેના પરિણામે રાજયના તમામ પાત્ર મતદારોને વધુ તક મળી છે અને તેઓ હવે 30 જાન્યુઆરી ૨૦૨૬, શુક્રવાર સુધી મતદાર યાદી સંલગ્ન દાવા અને વાંધાઓ રજૂ કરી શકશે.

ચૂંટણી પંચે આ નિર્ણય પાછળનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે, પાત્રતા ધરાવતો કોઈ મતદાર રહી ન જાય અને પાત્રતા ન ધરાવતા મતદાર યાદીમાં સામેલ ન થાય તે સુનિશ્ચિત કરવું જ SIR ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ છે.

મતદાર યાદીમાં નામ ઉમેરવા, નામ કાઢવા, વિગતોમાં સુધારા કે સરનામા બદલાવ સંબંધિત દાવા-વાંધાઓ માટે મતદારો પોતાના સંબંધિત બૂથ લેવલ અધિકારી અથવા ચૂંટણી પંચના નિર્ધારિત માધ્યમો મારફતે અરજી કરી શકે છે.

## ચૂંટણી પંચ લોકોની મુશ્કેલીને સમજે એસઆઇઆર મુદ્દે સુપ્રીમની ફટકાર

નવી દિલ્હી : ૧૨ જેટલા રાજયોમાં ચૂંટણી પંચ દ્વારા મતદારોનું વેરિફિકેશન થઇ રહ્યું છે. એવામાં પશ્ચિમ બંગાળ દ્વારા આ સમગ્ર વેરિફિકેશન પ્રક્રિયાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી છે. જેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પણ ચૂંટણી પંચને ફટકાર લગાવતા કહ્યું હતું કે તમે બંગાળમાં વેરિફિકેશન દરમિયાન એક કરોડથી વધુ મતદારોને યાદીમાંથી બહાર કર્યા છે અને તેમને ખરાઇ માટે નોટિસ મોકલી છે, લોકો આ પ્રક્રિયાને કારણે કેટલા તણાવ અને મુશ્કેલીમાં છે તેને સમજવું જોઇએ.

આ સાથે જ સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આદેશ આપ્યો હતો કે તે સવા કરોડ લોકોના નામ જાહેર કરે જેને લોજિક્લ ડિસ્ક્રિપેસી એટલે કે આંકડામાં તાર્કિક ગરબડના આધાર પર નોટિસ મોકલવામાં આવી છે. જે પણ મતદારોના નામ ક્મી કરવાની સ્થિતિ ઉપસ્થિત થઇ તેમને ત્રણ કેટેગરીમાં વિભાજીત કરીને નોટિસ મોકલવામાં આવી હતી, જેમાં સૌથી વિવાદિત કેટેગરી લોજિક્લ ડિસ્ક્રિપેસી છે. આ કેટેગરીમાં એવા લોકોને સામેલ કરાયા છે કે જેમના માતા પિતાના નામોમાં સ્પેલિંગની ભૂલ હોય કે માતા પિતા અને સંતાનો વચ્ચેની વયમાં મોટો ફેરફાર હોય.

સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે આ કેટેગરીમાં આવતા સવા કરોડ લોકોની યાદી ગ્રામ પંચાયતો, તાલુકા ઓફિસ અને વોર્ડ ઓફિસમાં નોટિસ બોર્ડ પર લગાવવામાં આવે.

## ભારત અને યુએઇ વચ્ચે સંરક્ષણ, સ્પેસ, એનર્જી, રોકાણનાં ક્ષેત્રમાં કરાર




નવી દિલ્હી : સંયુક્ત અરબ અમીરાત (યુએઇ)ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સોમવારે ભારતની મુલાકાતે દિલ્હી પહોચ્યા હતા. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે મુલાકાત કરી હતી. બન્ને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઇ જેમાં અનેક એમઓયુ પર સહી કરવામાં આવી હતી. સાથે જ વિવિધ ક્ષેત્રોમાં એકબીજાને સહયોગ કરવા મુદ્દે સંમતિ બની હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ મુલાકાત અંગે માહિતી સોશિયલ મીડિયા પર શેર કરી હતી, તેમણે એક્સ (ટ્વિટર) પર લખ્યું હતું કે હું મારા ભાઇ અને યુએઇના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયદનું સ્વાગત કરવા એરપોર્ટ પહોચ્યો હતો. તેમની ભારતની આ મુલાકાત બન્ને દેશોની મિત્રતાને વધુ મજબુત બનાવશે. એવા અહેવાલો છે કે બન્ને દેશના વડાઓ વચ્ચે જે બેઠક યોજાઇ તેમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એઆઇ, રોકાણ, સંરક્ષણ કોઓપરેશન, સ્પેસ ટેક્નોલોજી વગેરે મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. યુએઇ ભારત માટે રોકાણ અને વેપાર ક્ષેત્રે મહત્વનો પાર્ટનર દેશ માનવામાં આવે છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બન્ને દેશો વચ્ચે પરમાણુ પાવર પ્લાન્ટ સ્થાપવા તેની સુરક્ષા કરવા સહિતના મુદ્દે સંમતિ થઇ છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર પણ ચર્ચા થઇ જે મુજબ બન્ને દેશો વચ્ચે સમજુતીથી ભારતમાં સુપરકમ્પ્યુટિંગ ક્લસ્ટર સ્થાપવા માટે પણ સંમતિ થઇ છે. ભારતમાં ડેટા કેપેસિટીનો વિસ્તાર વધારવામાં યુએઇ રોકાણ કરવા માટે તૈયાર થયું છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં ભારતમાં એઆઇ પર ઉચ્ચસ્તરીય સમિટ યોજાવા જઇ રહી છે જેમાં યુએઇ સામેલ થશે. બન્ને દેશો ડેટા અથવા ડિજિટલ એમ્બસી સ્થાપવા માટે પણ વિચારી રહ્યા છે. અબુ ધાબીમાં હાઉિસ ઓફ ઇન્ડિયા સ્થાપવા યુએઇ ભારત સાથે સંમત થયું હતું. જેમાં ભારતની સંસ્કૃતિનો સમાવેશ કરતું મ્યૂઝિયમ પણ સ્થાપિત કરાશે.




## અનેક રાજયોમાં ૨૨ થી ૨૪ જાન્યુઆરી વચ્ચે વરસાદ, હિમવર્ષાની શક્યતા

નવી દિલ્હી : હવામાનમાં મોટો ફેરફાર થવા જઇ રહ્યો છે, જેને પગલે ૧૦ જેટલા રાજયોમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે. આગામી સપ્તાહે પશ્ચિમી હિમાચલ ક્ષેત્રમાં સતત બે વેસ્ટર્ન ડિસ્ટર્બેંસ સક્રિય થઇ રહ્યા છે. જેને કારણે ૨૩ જાન્યુઆરી આસપાસ કેટલાક વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા પડી શકે છે. ૨૨થી ૨૪ જાન્યુઆરી દરમિયાન ઉત્તર પશ્ચિમી ભારતના મેદાની વિસ્તારોમાં પણ વરસાદની શક્યતા છે.




હવામાન વિભાગના જણાવ્યા મુજબ ડિસેમ્બરથી જાન્યુઆરીમાં ઉત્તરાખંડમાં વરસાદ નહોતો પડયો, હિમાચલ પ્રદેશમાં ૧૯૦૧ બાદથી ડિસેમ્બરમાં છઠ્ઠી વખત સૌથી ઓછો વરસાદ પડયો હતો. જયારે જમ્મુ કાશ્મીરમાં પણ વરસાદ અને હિમવર્ષા બન્ને ઓછા પડયા છે. ઇન્ટરનેશનલ સેન્ટર ઓફ ઇન્ટિગ્રેટેડ માઉંટેન ડેવલપમેન્ટના સેટેલાઇટ ડેટા જણાવે છે કે હિમાચલમાં છેલ્લા બે દસકાથી સૌથી ઓછો વરસાદ પડયો છે. છેલ્લા ૨૩ વર્ષમાં આટલી નબળી સ્નો સીઝન જોવા નથી મળી. નિષ્ણાતોના જણાવ્યા મુજબ ધરતીનું તાપમાન વધતુ રહેશે તો હિમવર્ષાની સીઝન ટૂંકી થતી જશે. હાલ પણ જમ્મુ કાશ્મીર, દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, હિમાચલમાં કોલ્ડવેવની સ્થિતિ છે. જમ્મુ કાશ્મીરના પર્યટન સ્થળ સોનમર્ગમાં તાપમાન માઇનસ ૮.૩ ડિગ્રી રહ્યું હતું, જે ઘાટીનો સૌથી ઠંડો પ્રદેશ રહ્યું છે. શોપિયાં અને પુલવામામાં તાપમાન માઇનસ ૪.૭ અને માઇનસ ૫.૧ ડિગ્રી નોંધાયું હતું. રાજસ્થાનના જયપુરનું તાપમાન સોમવારે સવારે ૧૩.૭ ડિગ્રી રહ્યું, પંજાબના અમૃતસરમાં તાપમાન ૨.૯ ડિગ્રી નોંધાયું હતું. પંજાબ અને હરિયાણાની રાજધાની ચંડીગઢનું તાપમાન ૬ ડિગ્રી નોંધાયું હતું. હરિયાણાના ભિવાનીનું તાપમાન ૩ ડિગ્રી રહ્યું જે રાજયનું સૌથી ઠંડુ સ્થળ બન્યું હતું.



Date- 21/01/2026 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

## ખાંભલાના ટાવરમાં ત્રાટકેલા તસ્કરો કોપર કેબલ ચોરી ગયા



સોનગઢ- તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ખાંભલા ગામની સીમમાં સુરત-ધુલિયા નેશનલ હાઈવે નંબર-૫૩ નજીક આવેલા જીઓ કંપનીના મોબાઈલ ટાવરને તસ્કરોએ નિશાન બનાવ્યો છે. અજાણ્યા તસ્કરો ટાવર પરથી ૪ અને ૫ સેક્ટરના કુલ ૩૧૫ મીટર કોપર કેબલ કાપીને ફરાર થયા છે.

મળેલી વિગત મુજબ અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં રહેતા અને પ્રતાપ ટેકનોક્રેક પ્રા.લી. કંપનીમાં એસ્ટેટ મેનેજર તરીકે ફરજ બજાવતા મોહંમદ કલીમ મોહંમદનઝીર શેખે નોધાવેલી ફરિયાદ મુજબ, તેમની કંપની સમગ્ર ગુજરાતમાં જીઓ ટાવરોના મેન્ટેનન્સનું કામ સંભાળે છે.

ગત તા. ૬ જાન્યુઆરીના રોજ મોડી રાત્રે ૩:૧૮ વાગ્યાના સુમારે સોનગઢના ખાંભલા ગામ પાસે આવેલો ટાવર અચાનક ડાઉન થઈ ગયો હતો, જેનો મેસેજ કંપનીના સુપરવાઈઝર રાકેશકુમાર યાદવને મળ્યો હતો.જે બાદ કંપનીના ટેકનિશિયન જોગેન્દ્રસિંગ રાઠોડે સવારે સ્થળ પર જઈ તપાસ કરતા કોપર કેબલ ચોરીનો ખુલાસો થયો હતો.

કોઈ અજાણ્યા તસ્કરોએ ટાવર પર ચઢી કોઈ સાધન વડે ૫ સેક્ટરના ૪૫ મીટરના ૪ નંગ અને ૪ સેક્ટરના ૪૫ મીટરના ૩ નંગ મળી કુલ ૩૧૫ મીટર કોપર કેબલ કે જેની કિંમત રૂ. ૩૧,૫૦૦ જેટલી થાય છે તેની ચોરી કરી નાસી ગયાં હતાં.આ મામલે એસ્ટેટ મેનેજરે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોધાવતા સોનગઢ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સુરતમાં નવી બનાવેલી ૧૧ લાખ લિટરની ટાંકી ટ્રાયલ દરમિયાન તૂટી

## ત્રણ મજૂરો ઘાયલ, ગાય પગલાં પાણી પુરવઠા યોજનાના ૨૧ કરોડ પાણીમાં; ભ્રષ્ટ અધિકારીઓ-કોન્ટ્રાક્ટરો સામે ગુનો નોધવા માંગ



બારડોલી, માંડવી- સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણી પુરવઠા વિભાગની ઘોર બેદરકારી સામે આવી છે. 'ગાય પગલાં પાણી પુરવઠા યોજના' અંતર્ગત ૨૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલા સંપ અને પાણીની ટાંકીમાંથી ૧૧ લાખ લિટરની ક્ષમતા ધરાવતી અને ૧૫ મીટર ઊંચી પાણીની ટાંકી ટ્રાયલ દરમિયાન જ કકડભૂસ થઈને તૂટી પડી હતી. આ દુર્ઘટનામાં એક મહિલા સહિત ત્રણ મજૂરોને ઈજા પહોંચી છે, જેના કારણે સ્થાનિકોમાં તંત્ર વિરુદ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગાય પગલાં પાણી પુરવઠા યોજના યોજનાથી ૩૩ ગામોને પીવાનું પાણી પૂરું પાડવાનું લક્ષ્ય હતું પણ હવે નવી ટાંકી નહીં બને ત્યાં સુધી આ લક્ષ્યાંકને મોટો ફટકો પડ્યો છે.

સ્થળ પર કરવામાં આવેલા રિયાલિટી ચેકમાં ટાંકીના સ્ટ્રક્ચરની હલકી ગુણવત્તા છતી થઈ છે. ટાંકીના કાટમાળમાંથી સિમેન્ટના પોપડા ઉખડી રહ્યા છે, જે કામમાં થયેલા મોટા પાયે ભ્રષ્ટાચાર તરફ આંગળી ચીંધે છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે લોખંડ અને સિમેન્ટના વપરાશમાં કોન્ટ્રાક્ટર દ્વારા ભારે ગેરરીતિ આચરવામાં આવી છે. મોડે મોડે ઘટના સ્થળે પહોંચેલા પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેર જય ચૌધરીએ જણાવ્યું હતું કે, 'ટાંકી અત્યારે ટ્રાયલ હેઠળ હતી. સમગ્ર મામલે જટગઈઝ (સુરત)ના એન્જિનિયરોની ટીમ દ્વારા ટેકનિકલ તપાસ કરવામાં આવશે. રિપોર્ટ આવ્યા બાદ જવાબદાર કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.' સ્થાનિકોનો સવાલ છે કે જો આ ટાંકી લોકાર્પણ બાદ તૂટી હોત અને કોઈ મોટી જાનહાનિ થઈ હોત તો જવાબદાર કોણ? ૨૧ કરોડના જાહેર નાણાંનો ધુમાડો કરનાર ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે માત્ર તપાસ નહીં પણ ફોજદારી ગુનો નોધવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### વડોદરામાં કાળમુખા વાહનોએ ૩નો ભોગ લીધો:

## કારેલીબાગ-માણેજામાં ૨ માસૂમના મોત, ગોત્રીમાં હિટ એન્ડ રનમાં મહિલાનું મોત



વડોદરા શહેરમાં બે અલગ-અલગ અકસ્માતની ઘટનામાં બે માસુમના મોત નીપજ્યા છે. જેમાં કારેલીબાગ વિસ્તારમાં પાણીની ટાંકી પાસે ફાયર બ્રિગેડના ટેન્કરે અકસ્માત સર્જતા ૧૦ વર્ષીય બાળકનું મોત થયું છે, જ્યારે અન્ય એક ઘટના મકરપુરા વિસ્તારમાં ઘટી હતી. આ બનાવમાં ૬ વર્ષની બાળકીનું કરૂણ મોત નીપજ્યું. બંને બનાવને પગલે પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ત્રીજી એક હિટ એન્ડ રનની ઘટનામાં એક મહિલાનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, વડોદરાના કારેલીબાગ પાણીની ટાંકીમાંથી પાણી ભરવા આવેલા ફાયરબ્રિગેડના ટેન્કરે રોડ પર ઊભેલા શ્રમજીવી પરિવારના બાળકને કચડી નાખતા મોત થયું હતું. મૂળ ખેડાના દિલીપભાઈ રાયસંગભાઈ તળપદા પરિવાર સાથે હાલમાં વડોદરા કારેલીબાગ પાણીની ટાંકી પાસે ફૂટપાથ પર બેસી શેરડીનું વેચાણ કરે છે અને ત્યાં જ પડાવ નાખીને રહે છે. આજે(૧૯ જાન્યુઆરી) બપોરે પોણા બે વાગ્યે તેમનો ૧૦ વર્ષનો બાળક દિપક ટાંકી પાસે રમતો હતો. આ દરમિયાન કારેલીબાગ પાણીની ટાંકીમાંથી પાણી ભરવા આવેલા ફાયરબ્રિગેડના ટેન્કરના ચાલકે બેદરકારી પૂર્વક ટેન્કર રિવર્સ લેતા ટેન્કરના પૈડા બાળકના માથા પર ફરી વળતા બાળકનું મોત થયું હતું.

ત્યારબાદ ટેન્કર ચાલક ત્યાંથી ભાગી ગયો હતો. કુંભારવાડા પોલીસે આ અંગે ગુનો દાખલ કર્યો છે. ઘટનાસ્થળ પરથી માર પડવાના ડરે ભાગી ગયેલો ટેન્કરચાલક પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયો હતો. બાળકના મોતને લઈને પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. સમગ્ર બનાવ મામલે પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી એક અકસ્માતની ઘટના માણેજા વિસ્તારમાં બની હતી. જેમાં પિતા સાથે બાઈક પર જઈ રહેલી ૭ વર્ષીય બાળકીનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. બાઈક ચાલક તેની દીકરીને શાળાએથી લેવા ગયા હતા, ત્યારે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બે કાર વચ્ચે અકસ્માત થતાં એક કાર રોડ પરથી પસાર થતા બાઈક ચાલક સાથે અથડાઈ હતી. જેના કારણે બાઈક પર સવાર પિતા, પુત્રી રોડ પર ફંગોળાઈને પડતા તેઓને ઇજા થઈ હતી.

## પરિણીતા સાથે દુષ્કર્મ આચરી બિભત્સ વીડિયો વાઇરલ કર્યા:

### મહિલાને પ્રેમજાળમાં ફસાવી બ્લેકમેઈલ કરી; સુરત પોલીસે ફરાર આરોપીને હિંમતનગરથી દબોચ્યો

સુરત- સુરત શહેરના વરાછા વિસ્તારમાં રહેતી એક પરણિત મહિલાને પ્રેમજાળમાં ફસાવી, તેની સાથે દુષ્કર્મ આચરી અને ત્યારબાદ તેનો બીભત્સ વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ કરનાર આરોપીને વરાછા પોલીસે દબોચી લીધો છે. પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપી પ્રવીણ બોઘરાની બનાસકાંઠાના હિંમતનગર ખાતેથી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, આરોપી પ્રવીણ બોઘરાએ ભોગ બનનાર મહિલાને પોતાની વાતોમાં ભોળવી તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ દરમિયાન તેણે મહિલાના કેટલાક વાંધાજનક અને બિભત્સ વીડિયો ઉતારી લીધા હતા. આ વીડિયોના આધારે તે મહિલાને સતત બ્લેકમેલ કરતો હતો અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો હતો. આરોપી દ્વારા મહિલાને સતત માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો.

હદ તો ત્યારે થઈ જ્યારે પ્રવીણે આ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાઇરલ કરી મહિલાની બદનામી કરી હતી. આ અત્યાચારથી કંટાળીને અંતે મહિલાએ હિંમત ભેગી કરી વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ગુનો નોંધાયા બાદ આરોપી પ્રવીણ પોલીસથી બચવા માટે સતત નાસતો-ફરતો હતો. ધરપકડથી બચવા માટે પોતાના મોબાઈલ નંબર વારંવાર બદલતો હતો.

## જાણીતા કથાવાચક શ્રવણદાસ મહારાજની ધરપકડ, સગીરાનું જાતીય શોષણ કરવાનો આરોપ



બિહારના મિથિલાંચલ વિસ્તારમાં જાણીતા કથાવાચક શ્રવણદાસ મહારાજ ઉર્ફે શ્રવણ ઠાકુરની એક સગીરા પર જાતીય શોષણ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. આ કિસ્સાએ સમગ્ર પંથકમાં ભારે રોષ અને ચકચાર જગાવી છે. પીડિતાએ લગ્નની લાલચ આપી એક વર્ષ સુધી શોષણ કર્યાનો અને ગર્ભપાત માટે દબાણ કર્યાનો ગંભીર આક્ષેપ કર્યો છે.

દરભંગાના એસએસપી જગુનાથ રેડ્ડીએ આ મામલે પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, 'એસડીપીઓ રાજીવ કુમારની આગેવાની હેઠળની એસઆઈટી એ બાતમીના આધારે હાઉસિંગ બોર્ડ કોલોનીમાંથી શ્રવણદાસની ધરપકડ કરી છે. આ કેસમાં કથાકારના ગુરુ મૌની બાબાની ભૂમિકા પણ શંકાસ્પદ જણાતા તેમની સામે તપાસ શરૂ કરાઈ છે, જોકે હાલ તેઓ ફરાર છે.'

પીડિતાની માતા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ મુજબ, શ્રવણદાસે સગીરાને લગ્નનું વચન આપી છેલ્લા એક વર્ષથી તેનું જાતીય શોષણ કર્યું હતું. પીડિતાનો એવો પણ આરોપ છે કે જ્યારે તે ગર્ભવતી થઈ, ત્યારે તેના પર ગર્ભપાત કરાવવા માટે દબાણ કર્યું હતું. આરોપી શ્રવણ ઠાકુર મૂળ પર્રી ગામનો છે અને હાલ પચડી છાવણીના રામ જાનકી મંદિરમાં રહીને કથાવાચનનું કાર્ય કરતો હતો. પોલીસે પીડિતાનું મેડિકલ ચેકઅપ અને નિવેદન લેવાની પ્રક્રિયા હાથ ધરી છે. એસએસપીએ ખાતરી આપી છે કે કાયદાકીય પ્રક્રિયા કડક રીતે અમલમાં મૂકાશે અને ફરાર મૌની બાબાને પણ ટૂંક સમયમાં ઝડપી પાડવામાં આવશે.

શ્રવણદાસ મહારાજ પરના આ આરોપોએ ફરી એકવાર દેશમાં ધર્મની આડમાં ચાલતા કાળા કારનામાઓની યાદ તાજી કરી છે. અગાઉ આસારામ બાપુ, ગુરમીત રામ રહીમ અને ફલાહારી બાબા જેવા અનેક કહેવાતા ધર્મગુરુઓ જાતીય શોષણના કેસમાં જેલના સળિયા ગણી રહ્યા છે.

## વાલોડમાં મરેલા કૂતરાના નામે રૂ.૧.૩૧ લાખનું કૌભાંડ, મજૂરો તપાસ સમિતિ સામે પડ્યા

વાલોડ- વાલોડ ગ્રામ પંચાયતમાં મરેલા કૂતરાઓના નિકાલના નામે થયેલા આર્થિક ભ્રષ્ટાચારે હવે નવો વળાંક લીધો છે. છેલ્લા ૪ વર્ષમાં ૨૩૬ મરેલા કૂતરાઓના નિકાલ પેટે રૂ.૧,૩૧,૬૫૦ ઉપાડી લેવાયાની ફરિયાદ બાદ તપાસ તેજ બની હતી.

જોકે, આ તપાસમાં હવે નવો ફિયાસ્કો થયો છે. જે મજૂરોના નામે નાણાં ચૂકવાયા હોવાનું કાગળ પર દર્શાવાયું હતું, તે મજૂરોએ જ હવે નોટરી સમક્ષ સોગંદનામું કરી તપાસ સમિતિ પર ગંભીર આક્ષેપો કર્યા છે.

ગ્રામ પંચાયતના સભ્ય ડેનિશા ગરાસિયાએ જિલ્લા વિકાસ અધિકારી અને મુખ્યમંત્રીને પુરાવા સાથે ફરિયાદ કરી હતી કે, કૂતરાઓના નિકાલના નામે ખોટા વાઉચરો બનાવી રકમ હડપ કરવામાં આવી છે. આ ફરિયાદના આધારે TDO દ્વારા ત્રણ સભ્યોની તપાસ ટીમ નીમવામાં આવી હતી.

ગત ૩૦-૩૧ ડિસેમ્બરના રોજ સાત મજૂરોને પંચાયત કચેરીએ બોલાવી તેમના નિવેદનો લેવાયા હતા.

એક તરફ તાલુકા વિકાસ અધિકારીએ તપાસ ટીમના રિપોર્ટના આધારે ૧૨ જાન્યુઆરીએ ઉચ્ચ કક્ષાએ જવાબ રજૂ કરી દીધો છે, જેમાં કદાચ બધું ઓલ ઈઝ વેલ બતાવવામાં આવ્યું છે. બીજી તરફ મજૂરોએ સોગંદનામું કરીને તપાસ ટીમની વિશ્વસનીયતા સામે જ સવાલો ઉઠાવ્યા છે. હવે સવાલ એ છે કે, જો મજૂરો સાચા છે તો તપાસ ટીમે કોના દબાણમાં આવીને ખોટા નિવેદનો નોંધ્યા ?

તપાસના ૧૮ દિવસ બાદ, ત્રણ મજૂરો કિસન રાઠોડ, રાકેશ હળપતિ અને પ્રકાશ હળપતિએ એફિડેવિટ કરી સનસનાટી મચાવી દીધી છે. મજૂરોનો આક્ષેપ છે કે, તેઓ પંચાયતમાં પાણીની પાઈપલાઈન રીપેરીંગનું કામ કરતા હતા. પંચાયત કચેરીએ બોલાવી વેતન ચૂકવવાનું છે અને આગળ હિસાબ બતાવવો પડશે તેમ કહી છેતરીને કોરા કાગળ પર અંગૂઠા લેવાયા હતા. તપાસ ટીમે ગેરમાર્ગેદોરીને ખોટા જવાબો લખ્યા હોવાનો મજૂરોએ દાવો કર્યો છે.

## હાઇટેક બુહારી : હવે પંચાયત કચેરીમાં નહી પણ ઘર આંગણે ઉકેલાય છે ગ્રામજનોના વિવિધ પ્રશ્નો



વ્યારા- સંદિપસિંહ ગોડાદરિયા બુહારી વિકાસ એટલે માત્ર ઈમારતોનું નિર્માણ નહી, પણ નાગરિકોની સુવિધામાં વૃદ્ધિ. તાપી જિલ્લાના વાલોડ તાલુકાનું બુહારી ગામ આજે આ સૂત્રને સાર્થક કરી રહ્યું છે. ગ્રામ પંચાયત ની ટીમ અને ડેપ્યુટી સરપંચ સૂરજ દેસાઈના નેતૃત્વમાં અહીં રઘરે બેઠા પંચાયત નામની અભિનવ સેવા શરૂ કરાઈ છે, જે અંતર્ગત ગ્રામજનોના વહીવટી કામો હવે કચેરીના ધક્કા ખાધા વગર માત્ર એક ફોન કોલથી ઉકેલાઈ રહ્યા છે.સરકારી સેવાઓ ઉપલબ્ધ.

શહેરી વિસ્તારોની હરોળમાં ઊભા રહીને વાલોડ ના બુહારીએ રડિજિટલ અને ડોરસ્ટેપ ગવર્નન્સ નું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગ્રામજનો પણ ગર્વથી કહે છે કે, હવે અમારે પંચાયત સુધી જવું પડતું નથી, પંચાયત પોતે જ લોકસેવા માટે અમારા આંગણે આવે છે. આ મોડેલ આજે રાજયની અન્ય ગ્રામ પંચાયતો માટે પ્રેરણા સ્ત્રોત બની રહ્યું છે. ડેપ્યુટી સરપંચ સુરજ દેસાઈ દ્વારા પંચાયત ના સરપંચ અને સભ્યો ટીમ સાથે શ્રેષ્ઠ સંકલનને કારણે જિલ્લા થી લઈ રાજય કક્ષાઓ સુધીના એવોર્ડ પણ લઈ ચૂક્યા છે.સભ્યો ગામમાં વસતા દિવ્યાંગો, વડીલો અને મજૂર વર્ગને અગાઉ જન્મ-મરણના દાખલા, આવકનું પ્રમાણપત્ર કે પેન્શનની કામગીરી માટે આખો દિવસ બગાડવો પડતો હતો.

આ સમસ્યાના કાયમી ઉકેલ રૂપે પંચાયતે સુવ્યવસ્થિત સંપર્ક પ્રણાલી વિકસાવી છે. વોર્ડ સ્તરેથી નંબર એકત્ર કરી એવી વ્યવસ્થા ગોઠવી છે કે, ગ્રામજન ફોન કરે એટલે પંચાયતની ટીમ જરૂરી દસ્તાવેજો સાથે સીધી તેમના ઘરે પહોંચી જાય છે.

## જામનગર શહેર અને જિલ્લામાં ઠંડીમાં રાહત ૧૩.૦ ડિગ્રી તાપમાન : ભેજનું પ્રમાણ વધી જતાં જાકળ વર્ષા થઈ



જામનગર શહેર અને જિલ્લામાં ધીમે ધીમે ઠંડીમાં રાહત થઈ રહી છે. બે દિવસ પહેલા શુક્રવારે ઠંડીનો પારો ૯.૫ ડીગ્રી સુધી નીચે ચાલ્યો ગયો હતો, અને સિંગલ ડીજિટમાં તાપમાન નોંધાયું હોવાથી વાતાવરણમાં ઠંડક પ્રવેશી ગઈ હતી.

પરંતુ તેમાં હવે રાહત જોવા મળી છે, અને ઠંડીનો પારો ઉપર ચડીને ૧૩.૦ ડિગ્રી સુધી પરત ફર્યો હોવાથી છેલ્લા બે દિવસથી ઠંડીમાં રાહત થઈ છે. જોકે વહેલી સવારે ભેજનું પ્રમાણ વધી જતાં ઝાકળવર્ષા થઈ છે.

આજે સવારે ભેજનું પ્રમાણ ૮૪ ટકા રહ્યું હતું, જેને કારણે ગાઢ ધુમ્મસ દેખાયું હતું, અને વિઝીબિલિટી ઝીરો થઈ જતાં વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, ઉપરાંત માર્ગો પણ ભીંજાયા હતા.

જામનગર જિલ્લા કલેક્ટર કચેરીના કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર આજે સવારે ૮:૦૦ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૩.૦ ડિગ્રી સેન્ટિગ્રેડ જ્યારે મહત્તમ તાપમાન ૨૭.૦ ડિગ્રી સેન્ટિગ્રેડ નોંધાયું છે. ભેજનું પ્રમાણ ૮૪ ટકા રહ્યું હતું, ત્યારે પવનની ગતિ સરેરાશ પ્રતિ કલાકના ૨૦.૦ થી ૨૫.૦ કિ.મી ની ઝડપે રહી હતી.

## સ્માર્ટ શહેર માટે સ્માર્ટ ઉપાય: CCTV+AI = રખડતી ગાયને ભીડમાં ઓળખીને તેના માલિકની ઓળખ ઉજાગર કરશે



ગાંધીનગર- : ગુજરાતના શહેરોને સ્માર્ટ બનાવવા માટે રાજય સરકાર આધુનિક ટેક્નોલોજી અને આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સના ઉપયોગને પ્રાથમિકતા આપી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગાંધીનગરમાં અઈ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કર્યા બાદ આ ટેક્નોલોજીને રાજયના શાસનમાં સમાવિષ્ટ કરીને નાગરિક સેવા વિતરણને સમૃદ્ધ બનાવવના પ્રસાયો કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં આગળ વધતા અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારને આવરી લેતી સમસ્યા માટે એક મહત્વપૂર્ણ પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે, જેના લીધે આવનારા દિવસોમાં રખડતા પશુઓના લીધે પેદા થતી સમસ્યાઓનું સમાધાન લાવવામાં વધુ સરળતા રહેશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### ચોક્કસ ક્ષેત્રમાં સફળ વ્યક્તિના માપદંડથી આખી દુનિયાને જજ ન કરાય

દુનિયામાં મોટાભાગે જે સફળ થઈ ગયું તેના ઉદાહરણ આપવામાં આવે છે પણ જે નિષ્ફળ ગયું તેના ગુણ જોવામાં આવતા નથી. દરેક વ્યક્તિ જુદી છે. તેનું વ્યક્તિત્વ અને આવડત જુદા છે. ચોક્કસ ક્ષેત્રમાં સફળ વ્યક્તિના માપદંડ ધ્યાનમાં રાખીને આખી દુનિયાને જજ કરવા ન નીકળી પડાય. તે જ ક્ષેત્રમાં બીજી કોઈ આવડત ધરાવતો વ્યક્તિ પણ શ્રેષ્ઠ બની શકે છે.

સામાન્ય રીતે એવું થતું હોય છે કે, આપણે જ્યારે સંઘર્ષના સમયગાળામાં હોઈએ ત્યારે અનેક રિજેક્શન આવતા હોય છે. કોઈ આપણો હાથ પકડવા તૈયાર હોતું નથી. આપણને એમ થાય છે કે, આપણામાં કોઈ આવડત જ નથી. કોઈને મારી કદર જ નથી. આપણે હિંમત ગુમાવવા લાગીએ છીએ. દરેક માણસના જીવનમાં આવી ક્ષણ આવતી જ હોય છે. માત્ર કારકિર્દી નહીં, જીવનના ઘણા પ્રસંગે આપણે અટવાઈ જઈએ છીએ. એમ લાગે છે કે, હવે તમામ રસ્તાઓ બંધ થઈ ગયા છે. આગળ વધવું હવે મુશ્કેલ થઈ ગયું છે. ત્યારે જ આપણને ડાયવર્ઝન મળે છે. આ ડાયવર્ઝન કદાચ નરી આંખે નહીં દેખાય. તેનો અનુભવ કરવા માટે થોડી વધારે મહેનત કરવી પડશે. અંધારામાં માચિસ શોધવા જેવું કામ છે. એક વખત માચિસ મળી ગઈ પછી અજવાળું આપોઆપ થઈ જશે. આ મચિસ મળવા જેટલી મહેનત તો કરવી જ પડશે. સફળતા મેળવવી હશે તો સંઘર્ષની ચરમસીમા સુધી પહોંચવું પડશે. અભ્યાસ, કારકિર્દી, સંબંધો, બિઝનેસ, પ્રેમ, લગ્ન, સંતાનો તમામ બાબતો એવી છે જેમાં આપણે ધારીએ એવું કશું જ થતું નથી. પરિસ્થિતિઓ હંમેશા વિરુદ્ધ જ ચાલતી હોય છે તેને અનુકુળ બનાવવી પડે છે. આપણી સમસ્યા એ છે કે, આપણે જે છીએ તે સ્વીકારતા નથી. સામેની વ્યક્તિ સામે આપણે અલગ રીતે પ્રોજેક્ટ થવું છે. રિજેક્શનના ભયથી આપણે સામેની વ્યક્તિના પ્રોજેક્શનને મહત્વ આપવા લાગ્યા છીએ. આ કારણે આપણે અસહ્ય સ્ટ્રેસમાંથી પસાર થઈએ છીએ.

જેમ જેમ આપણને સફળતા મળતી જાય છે તેમ તેમ આપણી બુદ્ધિ આપણને તે વધુ મેળવવા માટે પ્રોત્સાહિત કરે છે. એક તબક્કો એવો આવે છે કે આપણે માત્ર બુદ્ધિના આધારે જ જીવન જીવવા લાગીએ છીએ. મનને સાંભળવાની તસદી લેવાનું છોડી દઈએ છીએ. વિશ્વાસ ગુમાવવા લાગીએ છીએ. આપણે અન્ય ઉપર શ્રદ્ધા કે વિશ્વાસ છે જ નહીં. તેના કારણે આપણે જાત ઉપરથી પણ વિશ્વાસ ગુમાવી દઈએ છીએ. હંમેશા બીજાનું જ વિચારીને જીવતા રહીશું તો પછી આપણા અસ્તિત્વનો અર્થ છે જ શું. બીજાના પાયા ઉપર આપણી જિંદગીની ઈમારત કેવી રીતે ચણી શકાય. ઘણા એવું કહેતા હોય છે કે, હવે તો તમે અમને બોલાવતાય નથી. યાદ પણ નથી કરતા.. બહુ મોટા થઈ ગયા છો... લેખક થઈ ગયા છો... બિઝનેસમેન થઈ ગયા છો... વગેરે વાતો લોકો કરતા જ હોય છે. આ એવા લોકો છે જે તમે જ્યારે કશું જ નહોતા ત્યારે તેઓ તમારી સામે નહોતા જોતા. તમારા માટે ત્યારે તેમની પાસે સમય નહોતા. તમારી લાઈન જ્યારે તેમની લાઈન કરતા મોટી થઈ ગઈ એટલે તેમને શૂળ ઉપડ્યું હોય છે. એ માણસો અપેક્ષા રાખે એ પ્રમાણે આપણે જીવતા રહેવાનું. એમની ઈચ્છાઓ બદલાય, એમની અપેક્ષા બદલાય એટલે આપણે પણ બદલાવાનું. શા માટે. દુનિયામાં એવા ઘણા કિસ્સા છે જેમાં તેઓ દુનિયા માટે બદલાયા નહીં અને આખરે આખી દુનિયા તેમના માટે બદલાવા માંડી.

એક કિસ્સો છે કેટલાક યુવાનોનો જેઓ સાથે મળીને સિંગિંગ કરવા માગતા હતા. ૭૦ના દાયકામાં કોઈ તેમનું સંગીત સાંભળવા તૈયાર નહોતું. તેમને કહેતા કે ગીટાર વેચીને ગુજરાન ચલાવો. થોડા સમય પછી તેઓ બિટલ્સ તરીકે જાણીતા થયા. ત્યારબાદ તેમનું સંગીત સમગ્ર વિશ્વના ચાહકોના હોઠ ઉપર રમતું થઈ ગયું હતું. તેવી જ રીતે આલબર્ટ આઈન્સ્ટાઈન કે જેના ગણિતા નોલેજ માટે આખી દુનિયા તેને પૂજે છે... તેને બાળપણમાં સ્કૂલના શિક્ષકો ડફોળ કહીને કાઢી મૂકતા હતા. ગણિત તારાથી નહીં થાય તેવી વાતો કરતા. અન્ય એક કિસ્સાની વાત કરીએ તો ૧૯૪૭માં જાણીતી એક મોડેલિંગ કંપનીના ડાયરેક્ટરે એક છોકરીને કાઢી મૂકી. તેણે તે છોકરીને કહ્યું કે, કોઈની સેક્રેટરી બની જા. મોડેલિંગ તારું કામ નહીં. થોડા સમય પછી તેનું નામ સુંદરતા અને મોડેલિંગ માટે સમગ્ર દુનિયામાં ગાજવા લાગ્યું. આખું વિશ્વ મેરેલિન મનરોની સુંદરતા પાછળ પાગલ થઈ ગઈ. તેવી જ એક ઘટના બને છે એક યુવાન સાથે. ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરતો એ યુવાન ગાયક બનવા માગતો હોય છે. તે ઘણી પ્રયાસ કરે છે. એક વખત ઓડિશનમાં તેને કાઢી મૂકવામાં આવે છે કે તું ટ્રક જ ચલાવ. સંગીત અને ગાયન તારા માટે નથી. ત્યારબાદ એ યુવાન જે સંગીત રચે છે તેની દુનિયા દિવાની થઈ જાય છે.


## ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક-મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ-૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ-૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત


# ઝંખવાવમાં જમીન સંપાદન પ્રક્રિયા રદ કરવા ખેડૂતોની માંગ:રેલવે, હાઇવે અને વીજ લાઇન માટેની કાર્યવાહી સામે વિરોધ



**અસરગ્રસ્ત ખેડૂત રણજીતભાઈ ચૌધરી સહિતના આગેવાનોએ માંગરોળના મામલતદારને લેખિત આવેદનપત્ર સુપ્રત કર્યું**

બારડોલી- માંગરોળ તાલુકાના ઝંખવાવ ગામે રેલવે, નેશનલ હાઈવે અને જેટકો વીજ લાઇન માટે થનારી જમીન સંપાદન પ્રક્રિયા રદ કરવાની ખેડૂતોએ માંગ કરી છે. આ પ્રક્રિયાથી મિશન ફળિયાના ૨૩ કુટુંબના ૯૩ વ્યક્તિઓ અસરગ્રસ્ત થવાની ભીતિ છે, જેના કારણે તેઓ ચિંતામાં મુકાયા છે.

અસરગ્રસ્ત ખેડૂત રણજીતભાઈ ચૌધરી સહિતના આગેવાનોએ માંગરોળના મામલતદારને લેખિત આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. તેમાં જણાવાયું છે કે, ઝંખવાવ ગામમાં નેશનલ હાઈવે ૫૬ ફોરલેન બાયપાસ રોડ, કોસંબા-ઉમરપાડા રેલવે લાઇન અને કડવી દાદરા વીજ સબ સ્ટેશન માટે જેટકો કંપની દ્વારા વીજ ટાવર ઊભા કરવા માટે સર્વે નંબર ૧૧૩, ૧૧૨ અને ૧૧૧ની જમીન સંપાદિત થનાર છે.

આ જમીન ૨૩ કુટુંબોના ૯૩ વ્યક્તિઓની આજીવિકાનું એકમાત્ર સાધન છે. આશરે ૬.૫ હેક્ટર જેટલી આ જમીનમાં ખેતી કરીને પરિવારોનું ગુજરાન ચાલે છે. આ ઉપરાંત, આ જ જમીનમાં તેમના ૧૭ રહેણાંક મકાનો પણ આવેલા છે.

ખેડૂતોએ રજૂઆત કરી હતી કે, ભૂતકાળમાં પણ આ જ સર્વે નંબર ૧૧૩, ૧૧૨ અને ૧૧૧ની આજુબાજુ ચાર રોડ બનાવવામાં આવ્યા છે. કોસંબા-ઉમરપાડાની હાલની રેલવે લાઇન પણ અહીંથી પસાર થાય છે. વધુમાં, ડીજીવીસીએલની હાઇટેન્શન લાઇન (વાંકલ-ઝંખવાવ લાઇન) તેમજ ઘોડબાર, રાજવાડી ખેતીવાડી અને જ્યોતિગ્રામની લાઇનો પણ આ વિસ્તારમાંથી પસાર થઈ ચૂકી છે.

હાલમાં ફરીથી નેશનલ હાઈવે ૫૬, કોસંબા-ઉમરપાડા રેલવે લાઇન અને જેટકોના જાહેરનામા મુજબ આ જ સર્વે નંબરોની જમીનમાંથી નેશનલ હાઈવે ૫૬ ફોરલેન ઝંખવાવ બાયપાસ રોડ, જૂની રેલવે લાઇનને સીધી કરવા અને જેટકો કંપનીની વીજ લાઇન તથા ટાવર ઊભા કરવા માટે જમીન સંપાદન થવાની છે. ખેડૂતોએ તેમની મુશ્કેલીઓ દૂર કરી કાયમી ધોરણે ઉકેલ લાવવા માંગ કરી છે. ખેડૂતોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ઝંખવાવ ગામ ભારતીય બંધારણની પાંચમી અનુસૂચિ વિસ્તારમાં આવે છે. આથી, પાંચમી અનુસૂચિ વિસ્તારની તમામ જોગવાઈઓ તાત્કાલિક ધોરણે લાગુ પાડવી જોઈએ. સેક્શન ૨૩ મુજબ જમીન સંપાદન કરતા પહેલા ગ્રામસભા સાથે વિચાર-વિમર્શ કરવો ફરજિયાત છે, પરંતુ ઝંખવાવ ગામે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી. તેથી, જમીન સંપાદનનું જાહેરનામું રદ કરવામાં આવે તેવી તેમની મુખ્ય માંગ છે.

**ઓલપાડ ચોરીનો નાસતો આરોપી ઝડપાયો**

## સુરત ગ્રામ્ય SOGએ ડભારી ત્રણ રસ્તા પાસેથી દબોચ્યો



ઓલપાડ- સુરત ગ્રામ્ય જી પોલીસે ઓલપાડમાં ઘરફોડ ચોરીના ગુનામાં લાંબા સમયથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપી વિક્કી ઉર્ફે અમનને ડભારી ત્રણ રસ્તા પાસેથી બાતમીના આધારે દબોચી લેવામાં આવ્યો હતો.

સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાની સૂચના મુજબ, ફરાર આરોપીઓને પકડવા માટે SOG પોલીસ ઇન્સ્પેક્ટર બી.જી. ઇશરાણી અને પી.એસ.આઈ. જે.કે. રાવના માર્ગદર્શન હેઠળ ટીમો કાર્યરત હતી. હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ વાલજીભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે ચોરીના ગુનામાં સંડોવાયેલો આરોપી ડભારી ત્રણ રસ્તા પાસે અવરજવર કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી તેને ઝડપી પાડ્યો હતો.

ઝડપાયેલા આરોપીની ઓળખ વિક્કી ઉર્ફે અમન (ઉંમર ૨૨, પિતા: બીજેન્દ્ર પ્રસાદ બિંદ) તરીકે થઈ છે. તે હાલ સાયણ ગામના આદર્શ નગરમાં રહેતો હતો અને મૂળ ઉત્તર પ્રદેશના ગાજીપુર જિલ્લાના બથેપુર ગામનો વતની છે.

આ આરોપી વિરુદ્ધ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫માં ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૩૦૫ (એ) અને ૩૩૧ (૩) (૪) હેઠળ ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયો હતો. ગુનો કર્યા બાદ તે ધરપકડ ટાળવા માટે ફરાર હતો. SOG પોલીસે તેની અટકાયત કરી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી માટે તેને ઓલપાડ પોલીસને સોંપવાની પ્રક્રિયા હાથ ધરી છે.

**ઘી, દહી અને ગોળના નમૂના 'સબસ્ટાન્ડર્ડ જાહેર**

## ખાદ્ય પદાર્થોમાં વનસ્પતિ ફેટની હાજરી, જ્યોતિરાદિત્ય ફૂડ્સ અને અક્ષર ઘી સહિતના એકમો વિરુદ્ધ કાર્યવાહી



સુરત- સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરીજનોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા તત્વો સામે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ડે. કમિશનર (હેલ્થ અને હોસ્પિટલ) તથા ડેઝિગ્નેટેડ ઓફિસરની સીધી સૂચના હેઠળ ડિસેમ્બર માસ દરમિયાન લેવામાં આવેલા ખાદ્ય પદાર્થોના નમૂનાઓના પૃથક્કરણ બાદ ચોંકાવનારા પરિણામો સામે આવ્યા છે. પબ્લિક હેલ્થ લેબોરેટરી દ્વારા આપવામાં આવેલા અહેવાલ મુજબ, સુરતની વિવિધ સંસ્થાઓમાંથી લેવાયેલા ઘી, દહીં અને ગોળના કુલ ૬ નમૂનાઓ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ ના ધારાધોરણ મુજબ ફેઇલ જાહેર કરવામાં આવ્યા છે.

તપાસ દરમિયાન સૌથી વધુ ગંભીર બાબત ઘીના નમૂનાઓમાં જોવા મળી છે. સુરતના ઉધના વિસ્તારમાં આવેલ જ્યોતિરાદિત્ય ફૂડ્સ પ્રોડક્ટ્સના ટેબલ માર્ગેરીન અને ડભોલી ચાર રસ્તા પાસેની અક્ષર ઘી સંસ્થાના ઘીના નમૂનામાં Beta-Sitosterol ની હાજરી જોવા મળી છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ઘીમાં આ તત્વની હાજરી સૂચવે છે કે તેમાં વનસ્પતિ તેલ કે ફેટની ભેળસેળ કરવામાં આવી છે. આ ઉપરાંત, લસકાણા સ્થિત અલ્પેશભાઈ ઈશ્વરભાઈ સાવલીયાના ભેસના ઘીમાં પણ આ જ પ્રકારે ભેળસેળ હોવાનું લેબોરેટરીમાં સાબિત થયું છે.

રેલવે સ્ટેશન સામે આવેલી જાણીતી હોટેલ મે. આકાશ હોટેલ્સ પ્રા.લી.માંથી લેવામાં આવેલા દહીંના નમૂનામાં ફેટનું પ્રમાણ નિર્ધારિત ધારાધોરણ કરતા ઓછું મળી આવ્યું છે, જેના કારણે તેને પણ 'સબસ્ટાન્ડર્ડ' જાહેર કરવામાં આવ્યું છે.

## કર્ણાટકના DGPનો ઓફિસમાં અશ્લીલ વીડિયો વાઈરલ, મુખ્યમંત્રીએ તાત્કાલિક કર્યા સસ્પેન્ડ



કર્ણાટકના પોલીસ મહાનિર્દેશક (DGP - નાગરિક અધિકાર પ્રવર્તન) કે. રામચંદ્ર રાવને સોમવારે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર મહિલાઓ સાથે વાંધાજનક સ્થિતિમાં તેમના ઘણા વીડિયો વાઈરલ થયા બાદ રાજ્ય સરકાર દ્વારા આ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા આ વીડિયોમાં, DGP રેન્કના અધિકારી ડો. રામચંદ્ર રાવ પોતાની વર્દીમાં ઓફિસમાં બેઠેલા જોવા મળે છે. તેમની સાથે એક મહિલા પણ છે. વીડિયોમાં તેઓ મહિલાને ગળે લગાવતા અને ચુંબન કરતા જેવી અશ્લીલ હરકતો કરતા નજરે પડી રહ્યા છે. આ વીડિયો સામે આવતા જ વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

જોકે, ૧૯૯૩ બેચના આ IPS અધિકારી રામચંદ્ર રાવે આ તમામ આરોપોને ફગાવી દીધા છે અને તેને મનઘડંત અને ખોટા ગણાવ્યા છે. તેમણે કહ્યું, 'હું સ્તબ્ધ છું. આ બધું મનઘડંત અને ખોટું છે. વીડિયો સંપૂર્ણપણે નકલી છે.' તેમણે વધુમાં કહ્યું કે આ વીડિયો કદાચ આઠ વર્ષ જૂનો હોઈ શકે છે, જ્યારે તેઓ બેલગાવીમાં તૈનાત હતા. તેમણે આને પોતાની વિરુદ્ધનું ષડયંત્ર ગણાવ્યું છે.

આ મામલો સામે આવતા જ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ વિભાગ પાસેથી વિસ્તૃત માહિતી લીધી છે. વીડિયો જોયા બાદ મુખ્યમંત્રીએ ગૃહ મંત્રાલય પાસેથી તાત્કાલિક રિપોર્ટ માંગ્યો છે. વીડિયો વાઈરલ થતાં જ રાવે ગૃહ મંત્રી જી. પરમેશ્વરને મળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમની મુલાકાત થઈ શકી ન હતી.

**ગુજરાત સરકારની જિલ્લાવાર ધ્વજારોહણની યાદી જાહેર:**

## રાજ્યપાલ વાવ-થરાદમાં, તો હર્ષ સંઘવી અમદાવાદમાં તિરંગો ફરકાવશે; ૭૭ મા પ્રજાસત્તાક દિનની ઉજવણીને લઈ તૈયારીઓ તેજ




ગાંધીનગર- રાજ્યમાં ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના ૭૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે ગુજરાત સરકારે જિલ્લાવાર ધ્વજારોહણ કાર્યક્રમની સત્તાવાર ફાળવણી જાહેર કરી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જારી કરાયેલા વાયરલેસ સંદેશ મુજબ રાજ્ય સ્તરીય ધ્વજારોહણ સમારોહ વાવ-થરાદમાં યોજાશે, જેમાં રાજ્યપાલ દ્વારા ધ્વજવંદન કરવામાં આવશે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજર રહેશે.

જિલ્લા સ્તરે ધ્વજારોહણ કાર્યક્રમો સવારે ૯ વાગ્યે યોજાશે. જેમાં ડેપ્યુટી ચીફ મિનિસ્ટર, કેબિનેટ મંત્રી, રાજ્યમંત્રી અથવા કલેક્ટર દ્વારા ધ્વજવંદન કરવામાં આવશે. કયા જિલ્લામાં કોના દ્વારા ધ્વજારોહણ થશે તેની સંપૂર્ણ યાદી સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. ડેપ્યુટી ચીફ મિનિસ્ટર હર્ષ સંઘવી અમદાવાદ જિલ્લામાં ધ્વજવંદન કરશે. જ્યારે અન્ય કેબિનેટ મંત્રીઓ અને રાજ્ય મંત્રીઓને નવસારી, રાજકોટ, ગાંધીનગર, પોરબંદર, વડોદરા, મહેસાણા, ભાવનગર, કચ્છ સહિતના જિલ્લાઓ ફાળવવામાં આવ્યા છે. કેટલાક જિલ્લાઓમાં મંત્રી હાજર ન રહી શકે તો કલેક્ટર દ્વારા ધ્વજારોહણ કરવાની જોગવાઈ પણ રાખવામાં આવી છે. સરકારે તમામ કલેક્ટરોને સૂચના આપી છે કે, કાર્યક્રમ સ્થળ જિલ્લા વહીવટ દ્વારા નક્કી કરવામાં આવે અને સંબંધિત મંત્રીઓના કાર્યાલય સાથે સમન્વય રાખવામાં આવે. રાજ્યભરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણીને લઈ વહીવટી તંત્રમાં તૈયારીઓ તેજ બની છે અને સુરક્ષા વ્યવસ્થા પણ કડક બનાવવામાં આવી છે.

Date- 21/01/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## આધેડ સાથે મોતા ગામમાં હનિટ્રેપ :ડેટિંગ પર બોલાવી આધેડને બંધક બનાવ્યા, ૨૦ લાખની માંગણી




બારડોલી- ટેક્નોલોજીના યુગમાં સોશિયલ મીડિયા અને ડેટિંગ એપ્સના માધ્યમથી નિર્દોષ લોકોને હનીટ્રેપમાં ફસાવતી ગેંગ દક્ષિણ ગુજરાતમાં સક્રિય થઈ છે.


સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષીય આધેડને ડેટિંગ એપ પર યુવતી સાથે મિત્રતા કરવી ભારે પડી છે. બારડોલીના મોતા ગામે મળવા બોલાવી આધેડને બંધક બનાવી ૨.૫૦ લાખની ખંડણી માંગતી ગેંગનો સુરત જિલ્લા એલસીબીએ પર્દાફાશ કર્યો છે. પોલીસે સમયસૂચકતા વાપરી ગેંગના બે મહિલા સહિત ૬ સભ્યોને ઘટનાસ્થળેથી જ ઝડપી લીધા છે.

સુરતના અડાજણ ખાતે રહેતા દર્શકભાઈ આચાર્ય ડેટિંગ એપના માધ્યમથી યુવતીઓના સંપર્કમાં આવ્યા હતા. આ દરમિયાન એક યુવતીએ તેમને બારડોલીના મોતા ગામની રામક્રિષ્ના સોસાયટીમાં રવિવારે મળવા આમંત્રણ આપ્યું હતું. દર્શકભાઈ ત્યાં પહોચ્યા ત્યારે ભાવનાબેન અને હંસાબેન નામની મહિલાઓ સાથે વાતચીત કરી રહ્યા હતા, તે જ સમયે ચારથી પાંચ શખ્સો રૂમમાં ઘસી આવ્યા હતા.

રૂમમાં ઘૂસેલા શખ્સોએ પોતે પોલીસ હોવાનો ખોટો દેખાવ કરી દર્શકભાઈને માર માર્યો હતો. ટોળકીએ ધમકી આપી હતી કે, 'તમે અહીં મહિલાઓ સાથે પકડાયા છો, તમારા પર બળાત્કારનો ગુનો દાખલ થશે. બદનામીના ડરે ફફડી ઉઠેલા આધેડ પાસે ગેંગે મામલો રફેદફે કરવા શરૂઆતમાં ૨૦ લાખની માંગણી કરી હતી, જે અંતે ૨.૫૦ લાખમાં નક્કી થઈ હતી. પૈસાની વ્યવસ્થા કરવા માટે દર્શકભાઈએ તેમના મોટાભાઈ તુષારભાઈને ફોન કરી હકીકત જણાવી હતી. તુષારભાઈને સમગ્ર મામલે શંકા જતાં તેમણે વિલંબ કર્યા વગર સુરત જિલ્લા એલસીબીનો સંપર્ક સાધ્યો હતો.

એલસીબી અને બારડોલી ગ્રામ્ય પોલીસે ત્વરિત એક્શન લઈ મોતા ગામના મકાન પર દરોડો પાડ્યો હતો. પોલીસે ભોગ બનનારને સુરક્ષિત છોડાવી સ્થળ પરથી ભાવનાબેન અણઘડ, હંસાબેન ચૌહાણ, અક્ષય ચેખલિયા, સંજય ચૌહાણ, મયુર તાયડે અને અલ્પેશ વાઘેલાની ધરપકડ કરી હતી.

## તસ્કરોને લીધે સિંચાઇનું પાણી બંધ થયું: કોસાડીમાં એક રાતમાં ૮ ખેતરોમાં પાણીની મોટરો ચોરાઇ, ૧૦૦ વીઘાના પાક પર સંકટ



માંડવી તાલુકાના કોસાડી ગામે તસ્કરો બેફામ બન્યા હોય તેમ રવિવારની એક જ રાત્રીમાં ૮ ખેતરમાંથી વાયર અને મોટરની ચોરી કરી ગયા છે. લાખો રૂપિયાના માલમત્તાની ચોરી કરી જતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. અંદાજિત ૧૦૦ વીઘા જેટલા ખેતરમાં સિંચાઈનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. કોસાડી ગામે રવિવારની રાત્રિએ તસ્કરોએ એકસાથે ૮ ખેતરોને નિશાન બનાવી લાખો રૂપિયાની કિંમતના ઇલેક્ટ્રિક વાયર અને પાણીની મોટર ચોરી કર્યા બાદ કપિલેશ્વર મંદિર નજીક આવેલા પડતર ખેતરમાં બિન્દાસ્ત વાયરને સળગાવી તેમાંથી કોપર કાઢીને લઈ ગયા હતાં. હાલમાં ખેડૂતો શેરડી અને તલના પાકની લણણી કરી રહ્યા છે. આ મહત્વના સમયે જ પાકને પાણીની સખત જરૂર હોય છે. તસ્કરો મોટર અને વાયર ચોરી જતાં મુશ્કેલી વધી છે.

## નગરપાલિકા દ્વારા દબાણ કરાયા દૂર:બારડોલીમાં લારી-ગલ્લાના દબાણ હટતા માર્ગો ખુલ્લા થયા



બારડોલી- બારડોલી નગરપાલિકા નગરના મુખ્ય વિસ્તારોમાં દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં શાકભાજી માર્કેટ અને ગાંધીરોડ પર સર્વોદય સોસાયટીના ગેટ પાસે રસ્તો રોકીને ઉભેલા લારી-ગલ્લા ધારકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

પાલિકાની ટીમે શાકભાજી, ફળ અને મોબાઈલ કવર વેચતા ૨૬ જેટલા લારી-થેલાઓને માલસામાન સાથે જ ઉપાડી લીધા હતા. જોકે, પાલિકાની આ આકસ્મિક કાર્યવાહીથી ગરીબ ફેરિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

બીજી તરફ પાલિકા મુખ્ય માર્ગો પર થયેલા કાયમી દબાણો અને પાર્કિંગની વિકટ સમસ્યા સામે મૌન સેવી રહી છે. પાર્કિંગની સુવિધાના અભાવે વાહનચાલકો રસ્તા પર વાહનો ઉભા રાખવા મજબૂર છે.મુખ્ય રસ્તાઓ પર મોટા શોરૂમ્સ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સ દ્વારા થતા દબાણોને કારણે ટ્રાફિક જામની સમસ્યા રોજિંદી બની ગઈ છે. લોકોમાં ચર્ચા છે કે, ટ્રાફિકના મુખ્ય મૂળ એવા મોટા દબાણો દૂર કરવાની હિંમત પાલિકા ક્યારે કરશે.

પાલિકાએ શાકભાજી માર્કેટમાં પાર્કિંગ માટે બનાવેલી રેલિંગ પાસે અડિંગો જમાવીને બેઠેલા ૨૦ જેટલા શાકભાજી વિક્રેતાઓના થેલા પણ જપ્ત કર્યા હતા. આ તમામ પાસેથી રૂ.૨૦૦ લેખે કુલ રૂ.૫૨૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે કે હવે પછી આ જગ્યાએ ધંધો કરતા પકડાશે તો દંડની રકમ બમણી કરવામાં આવશે.

## તરસાડીમાં ૧૭ વર્ષીય વિદ્યાર્થીનીનું ઝેરી દવા પીવાથી મોત:આત્મહત્યાના પ્રયાસ બાદ સારવાર દરમિયાન નિધન

માંગરોળ- માંગરોળના તરસાડી ખાતે ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કરનાર ૧૭ વર્ષીય વિદ્યાર્થીનીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ ઘટનાથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, તરસાડી ગામની વિઠ્ઠલવાડીમાં રહેતી અને અભ્યાસ કરતી આ સગીરાએ પોતાના ઘરે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. પરિવારજનોને આ અંગે જાણ થતાં તેઓએ તાત્કાલિક સગીરાને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડી હતી.

જોકે, સારવાર દરમિયાન ફરજ પરના ડોક્ટરોએ સગીરાને મૃત જાહેર કરી હતી. આ મામલે કોસંબા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સગીરાએ ક્યા સંજોગોમાં અને કયા કારણોસર આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

## શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે ૭૨૮ મો આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું






**બારડોલી**- શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૧૯/૦૧/૨૦૨૬ ને સોમવાર ના રોજ ૭૨૮ માં આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ મોતિયા ના ઓપરેશનો લેન્સ સાથે નીઃ શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન (નારાયણ સેવા) શ્રી હંસાબેન સુખદેવભાઈ પટેલ, બારડોલી (બુટવાડા) તરફ થી કરાવવામાં આવ્યું .

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિજિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટી પાર્લર ના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે .

બધી જ સારવાર એકદમ ફ્રી માં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકો ને લાભ લેવા વિનંતિ .

## સુરત LCBએ ૪૮ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

## કન્ટેનરમાં ટ્રોલી બેગની આડમાં હેરાફેરી, એકની ધરપકડ



બારડોલી- પલસાણાઃ સુરત ગ્રામ્ય LCB અને પેરોલ ફર્લો સ્ક્વોડે ધુલિયા-પલસાણા હાઈવે પર એના ગામ પાસે નાકાબંધી દરમિયાન વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કન્ટેનરમાંથી ૪૮.૬૧ લાખ રૂપિયાનો દારૂ અને કુલ ૬૬.૩૨ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ દારૂની હેરાફેરી ટ્રોલી બેગની આડમાં કરવામાં આવી રહી હતી.

સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાની સૂચનાના પગલે કઈઇના પી.આઈ. આર.બી. ભટોળ અને પેરોલ ફર્લો સ્ક્વોડના પી.આઈ. એમ.આર. શકોરીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી. મસાણીની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન એ.એસ.આઈ. શૈલેષભાઈ અને હેડ કોન્સ્ટેબલ જગદીશભાઈને બાતમી મળી હતી.

બાતમીના આધારે, ધુલિયા તરફથી એક બંધ બોડીનું કન્ટેનર વિદેશી દારૂનો જથ્થો ભરીને નવાપુર-વ્યારા થઈ સુરત તરફ આવી રહ્યું હોવાની માહિતી મળી હતી. પોલીસે એના ગામના ઓવરબ્રિજ પાસે નાકાબંધી કરી કન્ટેનરને અટકાવ્યું હતું.

કન્ટેનરની તપાસ કરતા જાણવા મળ્યું કે, દારૂ છુપાવવા માટે આરોપીઓએ ૫૨ જેટલી નવી ટ્રોલી બેગો આડશ તરીકે મૂકી હતી, જેની પાછળ દારૂનો મોટો જથ્થો છુપાવવામાં આવ્યો હતો. પોલીસે કન્ટેનરમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૧૧,૬૭૬ નંગ બોટલ અને ટીન બીયર જપ્ત કર્યા છે.

જપ્ત કરાયેલા મુદ્દામાલની વિગતો નીચે મુજબ છેઃ દારૂની કિંમત રૂ. ૪૮,૬૧,૯૨૦/-, કન્ટેનરની કિંમત રૂ. ૧૫,૦૦,૦૦૦, ૫૨ નંગ ટ્રોલી બેગની કિંમત રૂ. ૨,૬૦,૦૦૦/- અને અન્ય (મોબાઈલ/રોકડ) રૂ. ૧૧,૦૩૦ આમ, કુલ રૂ. ૬૬,૩૨,૯૫૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસે સ્થળ પરથી રાજસ્થાનના ઝાલોર જિલ્લાના ચાલક અમરારામ પુનઃમારામ બિશ્નોઈ (ઉ.વ. ૨૯) ને ઝડપી પાડ્યો છે. જ્યારે દારૂનો જથ્થો ભરાવી આપનાર અને મંગાવનાર મુખ્ય સૂત્રધાર રમેશભાઈ ગીરધારીરામ બિશ્નોઈ (રહે. રાજસ્થાન) ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પલસાણા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ANILDARBAR
Mo: 97242 60058
DHARMESH PATEL
Mo: 99250 47272
વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...
મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)